સચિવશ્રી, ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડને "ખાતાના વડા જાહેર કરવા બાબત

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૨૦૧૭/૮૫૭/લ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૧/૦૬/૨૦૧૭

વંચાણે લીધા: (૧)સચિવશ્રી, ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડના તા.૦૧/૦૬/૨૦૧૭ના પત્ર ક્રમાંક: જીઆરએચબી/પી.એસ.સ./વશી/૪/૧૭

(૨) ગુજરાત નાણાંકીય સત્તા(સોંપણી) નિયમો–૧૯૯૮

**ઠરાવ**

ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગરની કચેરી ગ્રામ્ય વિસ્તારોમાં એફોર્ડેબલ આવાસોનું બાંધકામ કરીને આર્થિક રીતે નબળા / જરૂરીયાતમંદ લાભાર્થીઓને આવાસો પુરા પાડવાની કામગીરી કરતી રાજ્ય કક્ષાની કચેરી છે આ કચેરીના સંચાલન માટે વર્ગ – ૧ કક્ષાના સચિવશ્રીની જગ્યા ઉભી થયેલી છે. પરંતુ, રાજ્ય કક્ષાની આ કચેરીના વહીવટી / નાણાંકીય સત્તાલક્ષી કાર્યો અને ફરજો બજાવવા માટે કોઈ અધિકૃત અધિકારીને ખાતાંના વડા તરીકે જાહેર કરવાનું અનિવાર્ય બને છે આથી ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ ખાતે સચિવશ્રી તરીકે ફરજ બજાવતા અધિકારીને હોદ્દાની રૂએ ખાતાના વડા તરીકે જાહેર કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણાને અંતે વંચાણ ક્રમ (૧) પરની ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડની દરખાસ્ત અન્વયે વંચાણ ક્રમ (૨) પરની ગુજરાત નાણાંકીય સત્તા (સોંપણી) નિયમો – ૧૯૯૮ના નિયમ – ૮ ના પેટા નિયમ(ગ)થી વિભાગના સચિવશ્રીને મળેલ સત્તાઓની રૂએ વિભાગ દ્વારા ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડના સચિવશ્રીને આથી ખાતાના વડા જાહેર કરવામાં આવે છે.

ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડના સચિવશ્રી ખાતાના વડા તરીકેના તમામ કાર્યો અને ફરજો બજાવવા માટે ગુજરાત નાણાંકીય સત્તા(સોંપણી) નિયમો–૧૯૯૮ના નિયમોથી પ્રાપ્ત થતી તમામ સત્તાઓ ભોગવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મનીષ મોદી)
નાયબ સચિવ
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- નામ. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજ ભવન સચિવાલય, ગાંધીનગર. (પત્ર દ્વારા)

- માન.મુખ્ય મંત્રીશ્રી, ગુજરાત રાજ્યના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય ગાંધીનગર.
- માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય ગાંધીનગર.
- તમામ માનનીય મંત્રીશ્રીઓ/ માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ / માનનીય સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાન સભા, સચિવાલય, ગાંધીનગર.
- માન. અધ્યક્ષશ્રી, ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, કચેરી, સેકટર ૧૦/એ, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે અધિકારીશ્રીઓ, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
- વિકાસ કમિશનરશ્રી, વિકાસ કમિશનરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, તમામ જિલ્લા પંચાયત કચેરી,
- સચિવશ્રી, ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, કચેરી, સેકટર ૧૦/એ, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઈલ.

- સીસ્ટમ મેનેજરશ્રી. વિભાગની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવા સારુ.